# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૫ તા. ૧૬-૧૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જઃ-

વિષયઃ- ઉત્તર ઝોન કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૩-૨૪ નિહાળવા શાળાના બાળકોને મોકલવા બાબત.
સંદર્ભ :- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંકઃ જશભ/વિજ્ઞાન -ગણિત એકમ/૨૦૨૩/૩૨૪૩, તા. ૧૬-૧૨-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જીસીઈઆરટી પ્રેરિત ગુજરાત રાજય ઉત્તર ઝોન કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૩-૨૪ (મુખ્ય વિષય- સમાજ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી) નું આયોજન તા. ૧૮-૧૨-૨૦૨૩ થી તા. ૨૦-૧૨-૨૦૨૩ દરમ્યાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ (શહેર) ગોતા-ઓગણજ રોડ, ગ્રીમ્કો કચેરીની સામે, અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે. ગુજરાત રાજયના ઉત્તર ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓમાંથી વિજેતા કૃતિઓ આવનાર હોઈ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદની નજીકના વિસ્તારની મ્યુનિ. શાળાના બાળકોને તા.૧૯-૧૨-૨૦૨૩ ના રોજ સલામતી પૂર્વકના આયોજન સાથે પરિવહનની યોગ્ય વ્યવસ્થા કરીને ગુજરાત રાજય ઉત્તર ઝોન કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૩-૨૪ નિહાળવા લઈ જવા જણાવવામાં આવે છે.

તા.૧૬-૧૨-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી